Seat No. : _____________

# FC-17

## Advance Accounting & Auditing Paper I

**(Subsidiary)**

**(Old & New)**

**Time : 3 Hours]** **[Total Marks : 70**

**સૂચના :** (1) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.
(2) જરૂરી ગણતરીઓ તમારા જવાબના ભાગ રૂપે દર્શાવો.
(3) પ્રશ્નપત્રના જે પ્રશ્નોના જવાબ લખો તે પ્રશ્નપત્રમાં દર્શાવ્યા મુજબનો જ પ્રશ્ન નંબર હાંસિયામાં લખો.

1. મિતલ અને હેતલ 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2005 ના રોજ પેઢીનું પાકુ સરવૈયું નીચે મુજબ છે. **14**

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રૂ. | મિલકત-લેણાં | | રૂ. |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં :- | | | મકાન | | 1,20,000 |
| મિતલ | 1,80,000 | | યંત્રો | | 1,00,000 |
| હેતલ | 1,20,000 | 3,00,000 | ફર્નિચર | | 50,000 |
| સામાન્ય અનામત | | 25,000 | સ્ટોક | | 50,000 |
| લેણદારો | | 20,000 | દેવાદારો | 10,000 | |
| દેવી હૂંડી | | 5,000 | બાદ :- | | |
| | | | ઘાલખાધ અનામત | 500 | 9,500 |
| | | | લેણી હૂંડીઓ | | 3,500 |
| | | | રોકડ | | 17,000 |
| | | **3,50,000** | | | **3,50,000** |

તા. 1-4-2004 ના રોજ સીતાને નીચેની શરતોએ પેઢીમાં દાખલ કરવામાં આવી.

(1) નવી પેઢીમાં સીતાનો ભાગ 1/5 રહેશે. આ ભાગ તે મિતલ અને હેતલ પાસેથી 5 : 4 ના પ્રમાણમાં મેળવશે.

(2) સીતા પોતાના ભાગની પાઘડી રૂ. 27,000 રોકડમાં પેઢીમાં લાવશે, જે પૈકી અડધી રકમ પેઢીમાં રાખવાની છે.

(3) સીતા પોતાની મૂડી પેટે રૂ. 1,00,000 રોકડા લાવશે.

(4) પેઢીની મિલકતો અને દેવાનું પુનઃ મૂલ્યાંકન નીચે પ્રમાણે કરવું.

(a) મશીનરીની કિંમત 10% થી ઘટાડવી.

(b) મકાનની કિંમત 20% થી વધારવી.

(c) સ્ટોકની કિંમત રૂ. 48,000 ગણવી.

(d) ઘાલખાધ અનામત 10% સુધી વધારવી.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડે તૈયાર કરો :

(1) નફા-નુકસાન હવાલા ખાતું

(2) ભાગીદારોના મૂડી ખાતાં

(3) રોકડ અને બેંક ખાતું

(4) સીતાના પ્રવેશ પછીનું પેઢીનું પાકું સરવૈયું

2. કેયુર, નિરવ અને ધરલ અનુક્રમે 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીમાં ભાગીદારો છે. તા. 31-3-2004 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **14**

**પાકું સરવૈયું**

| **જવાબદારીઓ** | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|
| મૂડીખાતાં :- | | પાઘડી | 70,000 |
| કેયુર 1,20,000 | | ભાડા પટ્ટાનું મકાન | 50,000 |
| નિરવ 20,000 | | યંત્રો | 80,000 |
| ધરલ 60,000 | | રોકાણો | 60,000 |
| | 2,00,000 | સંયુક્ત જીવન વીમા - | |
| સામાન્ય અનામત | 48,000 | પોલીસી | 14,000 |
| અભીની લોન | 26,000 | સ્ટોક | 42,000 |
| બેંક લોન | 70,000 | દેવાદારો 22,000 | |
| સંયુકત જીવન વીમા | | બાદ : | |
| પોલીસી અનામત | 14,000 | ઘાલખાધ અનામત 2,000 | 20,000 |
| લેણદારો | 42,000 | રોકડ સિલક | 64,000 |
| | **4,00,000** | | **4,00,000** |

ઉપરની તારીખે પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું. જે અંગેની માહિતી નીચે મુજબ છે.

(1) નિરવે રોકાણો રૂ. 62,000 માં લીધાં.

(2) કેયુર એ અભિની લોન ચૂકવવાનું સ્વીકાર્યું.

(3) વીમા પોલીસીના શરણ મૂલ્ય પેટે રૂ.12,000 ઉપજ્યા.

(4) દેવાદારો પાસેથી રૂ. 19,000 મળ્યા. ઘાલખાધ પરતના રૂ. 1,000 મળ્યા જેનો સમાવેશ દેવાદરો પાસેથી મળેલ રકમમાં થતો નથી.

(5) વિસર્જન ખર્ચ રૂ. 6,800 થયો.

(6) રૂ. 28,000 ના લેણદારો ધરલ એ લઈ લીધા અને તેમને રૂ. 26,200 ચૂકવવાનું સ્વીકાર્યું. બાકીના લેણદારોને રૂ. 12,000 ચૂકવ્યા.

(7) બાકીની મિલક્તોના રૂ. 3,78,000 ઊપજ્યા.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડા બંધ કરવા તૈયાર કરો :-

(1) માલ મિલક્ત નિકાલ ખાતું

(2) ભાગીદારોના મૂડીખાતાં

(3) રોકડ ખાતું

**અથવા**

2. કનુ, મનુ અને તનુ સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેતા પેઢીના ભાગીદારો છે. તેમનું તા. 31-3-2004 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **14**

**પાકું સરવૈયું**

| દેવાં | | રૂ. | મિલકતો | | રૂ. |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં :- | | | મકાન | | 80,000 |
| કનુ | 1,60,000 | | યંત્રો | | 85,000 |
| મનુ | 80,000 | | મોટર કાર | | 75,000 |
| તનુ | 80,000 | 3,20,000 | દેવાદારો | 40,000 | |
| | | | બાદ :- | | |
| સામાન્ય અનામત | | 9,000 | ઘાલખાધ અનામત | 1,000 | 39,000 |
| લેણદારો | | 11,000 | સ્ટોક | | 40,000 |
| | | | રોકડ | | 21,000 |
| | | **3,40,000** | | | **3,40,000** |

તા. 1-4-2004 ના રોજ તનુ પેઢીમાંથી નીચેની શરતોએ નિવૃત્ત થયો.

(1) યંત્રો અને મોટરકારની કિંમત 10% ઘટાડવી જ્યારે મકાનની કિંમતમાં 15% વધારો કરવો.

(2) ઘાલખાદ અનામત 10 % સુધી વધારવી.

(3) સ્ટોકનું પુનઃ મૂલ્યાંકણ રૂ. 44,000 થયું.

(4) પેઢીની પાઘડી છેલ્લા પાંચ વર્ષના સરેરાશ નફાથી ત્રણ ગણી આંકવી. છેલ્લા પાંચ વર્ષનો કુલ નફો રૂ. 2,00,000 હતો. ફક્ત નિવૃત્ત ભાગીદારના ભાગ જેટલી જ પાઘડી પેઢી ચોપડે દર્શાવવાની છે.

(5) તનુ ને મૂડી પેટે ચૂકવવાની રકમ વાર્ષિક 12% વ્યાજના દરે એક વર્ષ સુધી લોન તરીકે રાખવાની છે.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો.

(1) નફાનુકસાન હવાલા ખાતું

(2) ભાગીદારોના મૂડી ખાતાં

(3) નવી પેઢીનું પાકું સરવૈયું

3. "A" અને "B" અનુક્રમે એક પેઢીના 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો હતા. તેમની પેઢીનું તા. 31-3-2004 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. **14**

**પાકું સરવૈયું**

| દેવાં | | રૂ | મિલકતો | રૂ. |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં :- | | | જમીન | 600 |
| A | 700 | | યંત્રો | 700 |
| B | 800 | 1,500 | સ્ટોક | 500 |
| સામાન્ય અનામત | | 1,000 | દેવાદારો | 650 |
| લેણદારો | | 500 | રોકાણો | 450 |
| દેવી હૂંડીઓ | | 200 | રોકડ અને બેંક સિલક | 400 |
| દેના બેંકની લોન | | 100 | | |
| | | **3,300** | | **3,300** |

ઉપરની તારીખે તેમની પેઢી A B લિમિટેડને નીચેની શરતોએ વેચી દેવામાં આવી હતી.

(1) પેઢીની પાઘડી રૂ. 300 આંકવામાં આવી.

(2) કંપનીએ રોકાણો અને રોકડ સિલક સિવાયની તમામ મિલકતો અને બેંક લોન સિવાયના તમામ દેવાં લઈ લીધાં.

(3) કંપનીની તમામ કાયમી મિલકતની કિંમત પાકા સરવૈયા કિંમત કરતાં બમણી ગણવી.

(4) રોકાણો પેઢીએ રૂ. 600 માં વેચી દીધા.

(5) કંપનીએ ખરીદ કિંમત પેટે 250 ઈકવીટી શેરો દરેક રૂ. 10 નો એક એવા પૂરા ભરપાઈ થયેલ ગણીને, તથા 6% ના દરેક રૂ. 50 નો એક એવા 10 ડિબેંચરો અને બાકીના રોકડા આપવા.

(6) વિસર્જન ખર્ચ રૂ. 10 થયો જે પેઢીએ ચૂકવ્યો.

(7) દેના બેંકની લોન 'A' એ ચૂકવી આપી.

(8) કંપની પાસેથી મળેલ શેરો અને ડિબેંચરો ભાગીદારોએ તેમના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા.

પેઢીના ચોપડે તૈયાર કરો.

(1) માલ-મિલકત નિકાલ ખાતું.

(2) AB લિમીટેડનું ખાતું.

(3) AB લિમીટેડના શેરોનું ખાતું.

(4) AB લિમીટેડના 6% ડિબેંચરોનું ખાતું

(5) ભાગીદારોના મૂડીખાતાં

(6) રોકડ ખાતું.

**અથવા**

3. દિવાને, મસ્તાને અને પરવાને અનુક્રમે 2:2:1 ના પ્રમાણમાં નફો-નુકાસન વહેંચતા એક પેઢીના ભાગીદારો હતા. તા. 30-6-2004 ના રોજ પઢીનું વિસર્જન કરવામાં આવ્યું. તે તારીખે પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. **14**

**પાકું સરવૈયું**

| **દેવાં** | | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં :- | | | કાયમી મિલકતો | 50,000 |
| દિવાને | 38,000 | | સ્ટોક | 30,000 |
| મસ્તાને | 24,000 | | દેવાદારો | 14,600 |
| પરવાને | 18,000 | 80,000 | રોકડ સિલક | 5,400 |
| મસ્તાનેની લોન | | 5,000 | | |
| લેણદારો | | 15,000 | | |
| | | **1,00,000** | | **1,00,000** |

મિલકતોનાં નાણાં હપ્તેથી ઊપજ્યા અને પ્રમાણસર મૂડીની પદ્ધતિથી ચૂકવણી કરવામાં આવી હતી. લેણદારોને સંપૂર્ણ ચૂકવણી પેટે રૂ. 14,500 ચૂકવ્યા હતા. વિસર્જન ખર્ચ પેટે 2,900 ની રકમ અનામત તરીકે રાખવામાં આવી હતી. પરંતુ ખરેખર વિસર્જન ખર્ચ રૂ. 2,000 થયો હતો. જે તા. 30-9-2004 ના રોજ ચૂકવ્યો હતો.

મિલકતોના નીચે મુજબ ઊપજ્યા :-

(1) 10-7-2004 રૂ. 12,600

(2) 20-8-2004 રૂ. 30,000

(3) 30-9-2004 રૂ. 40,000

"મૂડી વધારાની પદ્ધતિ" મુજબ રોકડની હપ્તે હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

4. શ્રી કનુ તેમની પેઢીના હિસાબો એક નોંધી પદ્ધતિથી રાખે છે. પેઢીની મિલકતો અને દેવાની વિગતો નીચે મુજબ છે. **14** 14

| **વિગતો** | **રકમ રૂ. 31-3-03** | **રકમ રૂ. 31-3-04** |
|---|---|---|
| જમીન | 1,00,000 | (?) |
| પ્લાન્ટ અને મશીનરી | 2,00,000 | 2,30,000 |
| રોકાણો | 30,000 | 40,000 |
| ફર્નિચર | 60,000 | (?) |
| સ્ટોક | 80,000 | 98,000 |
| દેવી હૂંડીઓ | 10,000 | 9,000 |
| લેણી હૂંડીઓ | 20,000 | 32,000 |
| અગાઉથી ચૂકવેલ વીમો | 1,000 | 2,000 |
| દેવાદારો | 56,000 | 86,000 |
| લેણદારો | 30,000 | 18,000 |
| બેંક લોન | 40,000 | (?) |
| રોકડ સિલક | 5,000 | 15,000 |
| ઘાલખાધ અનામત | 3,000 | 3,000 |

વર્ષ દરમ્યાન તેમણે રૂ. 12,000 રોકડા બેંક લોન પેટે ભર્યા હતા જે પૈકી રૂ. 2,000 લોનનું વ્યાજ હતું.
તેમનો રોકડ અને માલ ઉપાડ અનુક્રમે રૂ. 12,000 અને રૂ. 3,000 હતો.
તેમનું જીવન વીમા પ્રિમીયમ રૂ. 5,000 પેઢીમાંથી ભરવામાં આવ્યું હતું. તેમણે તેમના અંગત રોકાણો રૂ. 5,000 ના રૂ. 12,000 માં વેચ્યાં હતાં. જે પૈકી રૂ. 8,000 તેઓ તા. 31-3-04 ના રોજ પેઢીમાં લાવ્યા હતા.
ઉપરાંત તા. 1-10-2003 ના રોજ તેમનું અંગત ફર્નિચર રૂ. 3,000નું તેઓ ધંધામાં લાવ્યા હતા.
પ્લાન્ટ અને મશીનરીની ખરીદી તા. 1-10-2003 ના રોજ કરવામાં આવી હતી.
મૂડી પર વાર્ષિક 10% લેખે વ્યાજ ગણો અને યંત્રો તથા ફર્નિચર પર વાર્ષિક 20% ના દરે ઘસારો ગણો.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

(1) તા. 31-3-2004ના રોજ પૂરા થતા વર્ષનું નફો-નુકશાન દર્શાવતું પત્રક તથા

(2) તા. 31-3-2004ના રોજનું પાકું સરવૈયું.

**અથવા**

4. નીચેની માહિતી ઉપરથી મિતલ ફાઈનાન્સ કોર્પોરેશનના ચોપડે 12% ની ગુજરાત સરકારની લોનનું ખાતું તૈયાર કરો. **14**

(1) તા. 1-4-2003 ના રોજની શરૂઆતની બાકી :
લોનની દાર્શનિક કિંમત રૂ. 1,00,000
લોનની પડતર કિંમત રૂ. 1,05,000

(2) વ્યાજ ચૂકવણીની તારીખો :
31 મી ડિસેમ્બર અને 30 મી જૂન

(3) વર્ષ દરમિયાનના વ્યવહારો :

| તારીખ | દાર્શનિક કિંમત રૂ. | ભાવ રૂ. | નોંધ |
|---|---|---|---|
| 1-5-2003 | 20,000 | 98 | વ્યાજ સહિત ખરીદી |
| 1-6-2003 | 10,000 | 96 | વ્યાજ બાદ ખરીદી |
| 1-8-2003 | 40,000 | 102 | વ્યાજ સહિત વેચાણ |
| 1-3-2004 | 60,000 | 105 | વ્યાજ બાદ વેચાણ |

રોકાણોની આખરની બાકીનું મૂલ્યાંકન ફીફો (FIFO) પદ્ધતિ મુજબ કરવાનું છે.

5. કેયુરે તા. 1-1-2002 ના રોજ રાજ ટ્રેડર્સ પાસેથી મોટર કાર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદી અને કારની સોંપણી (delivery) વખતે રૂ. 50,000 ચૂકવ્યા. તેમજ બાકીની રકમ નીચે મુજબ ત્રણ હપ્તામાં ચૂકવી. **14**

| ચૂકવણીની તારીખ | હપ્તાની રકમ રૂ. |
|---|---|
| તા. 31-12-2002 | 60,000 |
| તા. 31-12-2003 | 60,000 |
| તા. 31-12-2004 | 30,000 |

કેયુર ઘટતી જતી બાકીની પદ્ધતિએ દર વર્ષે 10% લેખે ઘસારો કાપે છે. બીજા વર્ષ ને અંતે તેના હિસાબી ચોપડે નીચે મુજબ આમનોંધ કરવામાં આવી હતી.

31-12-2003 ઘસારા ખાતે ઉ. 15,300
તે મોટર કાર ખાતે 15,300

ઉપરોક્ત વિગતોને આધારે તૈયાર કરો :

કેયુર ના ચોપડે (1) યંત્ર ખાતું ; રાજ ટ્રેડર્સનું ખાતું ; વ્યાજ ખાતું અને ઘસારા ખાતું.

**અથવા**

(A) ટૂંકનોંધ લખો (ગમે તે **એક**) : **9**

(1) નાણાંકીય ભાડાપટ્ટો
(2) ભાડા પટ્ટાના ફાયદા
(3) કામગીરી ભાડાપટ્ટો

(B) તફાવત લખો (ગમે તે **એક**) : **9**

(1) ભાડે ખરીદ અને ભાડા પટ્ટો
(2) ભાડે ખરીદ અને કામગીરી ભાડા પટ્ટો

Formatted